જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૦૫/૨૦૧૬ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૮૪૯/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી, ૧૯ વ્યક્તિઓને ઝડપી, ૧૦૩ લીટર દેશી દારૂ અને ૦૩ બોટલ ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૫ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૫૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૮૫૦/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૪૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૮૫૧/૧૬**

**એલીસબ્રીજ** : અમ્બરીષભાઇ મધુસુદનભાઇ દેસાઇ (ઉ.વ.૫૬) (રહે. વાસુપુજ્ય રેજંસી, લીટલ ફ્લાવર સ્કુલની સામે, પાલડી) એ તા.૬/૫/૧૬ નારોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૯/૧૪ થી તા.૧૧/૧/૧૬ સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી દર્શક મહેરચંદ્ર વૈષ્ણવ (રહે.સેટેલાઇટ સેન્ટર મેનેજમેન્ટ અંકલેવ સામે, વસ્ત્રાપુર) એ અમ્બરીષભાઇને વિશ્વાસમાં લઇ, તેમની કારની બજાજ આલીયાન્સ જનરલ ઇન્શ્યોરન્સ લી.કંપનીની ખોટી પોલીસી બનાવી, પોલીસી પેટે અમ્બરીષભાઇ પાસેથી ૧૦,૦૩૬/- મેળવી લઇ, અમ્બરીષભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એસ.કંડોરીયા ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૮૫૨/૧૬**

**“જે” ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** રાકેશભાઇ વિનોદભાઇ ક્રિશ્ચીયન (રહે.શાંતીપુરા ગામ, તા.દસ્ક્રોઇ, જી.અમદાવાદ) એ તા.૬/૫/૧૬ નારોજ “જે” ટ્રાફીક પોલીસ સ્ટેશનન ખાતે ફરીયાદ નોધાવી છે કે પોતાના કાકા ફિલીપભાઇ તીમોથીભાઇ ક્રિશ્ચીયન (ઉ.વ.૫૫)(રહે.મોહનભાઇનાં ફાર્મ ઉપર, વટવા રીંગ રોડ, કેનાલ પાસે) નાઓ તા.૧૪/૪/૧૬ સાંજનાં ૭/૪૫ વાગ્યાના સુમારે વટવા રીંગ રોડ, કેનાલ રોડ નજીકથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન અજાણ્યા વાહન ચાલકે ફિલીપભાઇને ટક્કર મારતાં, શરીરે ગંભીર ઈજાઓ થતાં, સારવાર માટે તેમને વા.સા.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૬/૫/૧૬ નાં કલાક ૭/૩૦ વાગે ફિલીપભાઇનું મૃત્યુ નિપજ્યું હતુ. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ.વી.રાજગોર ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**અપમૃત્યુ :-** **સમાચાર યાદી નં.૮૫૩/૧૬**

**સાબરમતી** : સંજયકુમાર રસિકભાઇ પંચાલ (ઉ.વ.૪૧)(રહે.શ્રીનાવાસ રેસીડેન્સી, આનંદ પાર્ટી પ્લોટની પાછળ, ન્યુ રાણીપ) તા.૬/૫/૧૬ નાં કલાક ૨/૩૦ થી સવારનાં ૧૦/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે હાજર હતા દરમ્યાન કોઇ કારણસર બેભાન થઇ જતાં, સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમાં લઇ જતાં, ફરજ પરનાં ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી રસિકભાઇ વિઠ્ઠલભાઇ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૮૫૪/૧૬**

**સોલા હાઇકોર્ટ** : નિપુણભાઇ પ્રતાપભાઇ પંડ્યા (રહે.ન્યુ નૈમેશપાર્ક, ગૌરવ બંગ્લોઝની બાજુમાં, ગુલાબ ટાવર પાસે, ઘાટલોડીયા) એ તા.૬/૫/૧૬ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૪/૧૬ રાતનાં ૧૧/૦૦ થી તા.૨૭/૪/૧૬ સવારનાં ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનની બારીની ગ્રીલ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, કબાટમાંથી સોના-ચાંદીનાં દાગીના કિંમત રૂપિયા ૧,૬૮,૦૦૦/-, રોકડ રૂપિયા ૪૦,૦૦૦/- તેમજ ૧૨૦૦ યુ.એસ.ડૉલર તથા બાગ્લાદેશી અને નેપાલની કરન્સી રૂપિયા ૨૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨,૩૮,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.કે.શ્રીમાળી ચલાવે છે.

**દાઝી જતાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૮૫૫/૧૬**

**માધવપુરા** : **(૧)** શારદાબહેન મંગાભાઇ દંતાણી (ઉ.વ.૪૭)(રહે.મોદીની ચાલી, માધવપુરા) તા.૦૫/૫/૧૬ બપોરનાં ૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે દિવેટીયા પ્રાયમસ ઉપર ચા બનાવતાં હતા દરમ્યાન પ્રાયમસ સાડી ઉપર પડી જતાં, શરીરે ગંભીર રીતે દાઝી જતાં, સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન બપોરનાં ૨/૦૫ વાગે શારદાબહેનનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અજીતસિંહ નારસિંહ ચલાવે છે.

**(૨)** સહાનાબાનુ મોહમદરઇસ મોહમદઅંસારી (ઉ.વ.૩૦) (રહે.વોરાની ચાલી, ઇદગાહ પુલ નીચે, ઇદગાહ, માધવપુરા) તા.૨/૫/૧૬ બપોરનાં ૩/૫૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગેસ મુકેલ સાઇડની દિવાલનાં પાટીયા ઉપરથી ચા પત્તી લેવા જતાં, ગેસની આગ દુપટ્ટામાં લાગતાં, શરીરે ગંભીર રીતે દાઝી જતાં, સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૬/૫/૧૬ નાં કલાક ૧૦/૧૫ વાગે સહાનાબાનુનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એ.ચૌધરી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)